પ્રોસી. તરફની સાહેદી નંબર– ૧ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

| | |
|---|---|
| મારૂ નામ :–મહાવીરસિંહ | પિતા/પતિનુ નામ :–રામસંગજી જાડેજા |
| ધર્મ :– હિન્દુ | ધંધો :– લેબર કોન્ટ્રાકટર |
| ઉમર (આશરે) વર્ષ :–૪૬ | |
| રહેવાનુ ગામ :–નુંધાતડ તા. અબડાસા | જીલ્લો : કચ્છ |

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એચ.બી.જાડેજા</u>**

1. હું નુંધાતડ મુકામે રહુ છુ અને લેબર કોન્ટ્રાકટરનું કામ કરુ છુ. બનાવ સમયે પાન્ધ્રો થર્મલ પાવરમાં ખારકુવા સફાઈ કરવાનું લેબર કોન્ટ્રાકટ લીધેલો હતો. આ કોન્ટ્રાકટ ૧૮ મહીનાનું લીધેલુ હતુ જેટલા ખારકુવા સફાઈ કરવાના હોય તે પ્રમાણે સફાઈ કરવામાં આવતી. એક ખારકુવાની સફાઈ કરવાના કુલે રુપીયા ૬ હજાર રુપીયા મળતા હતા.
2. આ કોન્ટ્રાકટ બાબતે સીવીલ વિભાગના ડેપ્યુટી ઈજનેર બરાસરા સાહેબ તથા જુ.ઈ. નિષાદ પરમાર સાહેબ કામ બાબતે પૈસા માંગતા હતા. મને કહેતા હતા કે તમારા બીલ મુજબ મને પૈસા આપવા પડશે. અને કહેતા હતા કે દર બીલે તમને બે ખારકુવા વધારે લખી આપશુ તેના પૈસા પણ આપવાના રહેશે. આ રીતે છેલ્લા પાંચેક મહીનાથી પૈસા આપવા માટે દબાણ કરતા હતા. ત્યારબાદ મે સાહેબોને વીનંતી કરેલ કે મારા બીલ નાના હોય છે જેથી હુ પૈસા આપીશ નહી. નિષાદ સાહેબે ચીઠીમાં મને કીધેલુ કે ૨૫ હજાર રુપીયા મારા અને ૧૫ હજાર બરાસરા સાહેબના દેવા

---
**સાહેદની સહી**

પડશે ત્યારબાદ ચીટી ફાડી નાખી. આમ અવારનવાર આ સાહેબો પૈસા દબાણ કરતા હોવાના કારણે મે એ.સી.બી. ભુજમાં ફરીયાદ કરેલી. મને માર્ક ૮/૧ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૨૩** આપવામાં આવે છે.

**3.** મે તા.૭–૯–૨૦૨૦ ના ફરીયાદ આપેલી અને ફરીયાદ આપ્યા બાદ એ સી બી ના પટેલ સાહેબે મને બીજા દીવસે આવવાનો કહેલ જેથી હુ બીજે દીવસે સવારના એ સી બી ઓફીસ ગયેલો. ત્યાં ગયા પછી બે પંચ તથા તેમના સ્ટાફની ઓળખ આપેલી. ત્યારબાદ પટેલ સાહેબની સુચનાથી સ્ટાફના માણસે સ્યુટકેશમાંથી પાવડર કાઢેલુ અને અમને સમજ કરેલી આ પાવડર જથ્થામાં દેખાય છે પણ કોઈ જગ્યાએ છાંટી દેવામાં આવેતો નરી આંખે દેખાય નહી અને પાવડર જોવા માટે દ્રાવણનો છટકાવ કરવામાં આવે તો આછા ગુલાબી રંગના ડાગ દેખાય તેવી સમજ આપેલી.

**4.** ત્યારબાદ પટેલ સાહેબે મને લાંચ આપવાની રકમ રુપીયા ૪૦ હજાર આપવાનો કહેતા મારી પાસે રુપીયા પંદર હજાર હોઈ મે મારી પાસે રહેલ રુપીયા ના ૨ હજાર ના ૭ નોટ અને રુપીયા ૫૦૦ ના દરની બે નોટ એમ રુપીયા પંદર હજાર આપેલા. અને મે સાહેબને રજુઆત કરેલ કે મારી પાસે બીજા પૈસા નથી જેથી સાહેબે સરકારી નાણામાંથી રુપીયા ૨૫ હજાર આપેલા. જેમાં ૫૦૦ દરની બે નોટ તથા બે હજારના દરની ૨૪ નોટ હતી આ નોટોના સીરીયલ નંબરોનો પંચનામામાં ઉલ્લેખ કરવામાં આવેલો.

**5.** ત્યારબાદ રુપીયા ૪૦ હજારની નોટો હતી તેના પર પાવડર છાટીને ઘડીવાળીને મારા પેન્ટના જમણા ખીસ્સામાં મુકી દેવામાં આવેલા. ત્યારબાદ પટેલ સાહેબના સુચનાથી મને તથા પંચોને એક શીલબંધ વોઈસ રેકોર્ડર કાઢવામાં આવેલ. અગાઉ જે પ્રયોગ માટે પાવડરની સામગ્રી કાઢવામાં આવેલી તે પણ શીલબંધ હતી.

**6.** ત્યારબાદ વોઈસ રેકોર્ડર કઈ રીતે ચાલુ બંધ થાય તેની અમને સમજ કરેલી. અને મારી તથા પંચોની હાજરીમાં ખાતરી કરવામાં આવેલ કે વોઈસ રેકોર્ડરમાં કાઈ સેવ નથી. બાદ એક શીલબંધ મેમરી કાર્ડ કાઢી વોઈસ રેકોર્ડરમાં ઈનસેર્ટ કરવામાં આવેલુ.

---
**સાહેદની સહી**

પટેલ સાહેબે સુચના આપેલ કે જયારે પૈસાની લેતી દેતી થાય ત્યારે વોઈસ રેકોર્ડર ચાલુ કરવાનો તેમ કહીને મારા ખીસ્સામાં વોઈસ રેકોર્ડર બંધ કરી મારા પેન્ટના ખીસ્સામાં મુકી દીધેલુ. આ કાર્યવાહી પુર્ણ કર્યા બાદ બે ખાનગી વાહનમાં હું તથા બે પંચો તથા એ.સી.બી. નો સ્ટાફ તથા પટેલ સાહેબ એ સી બી કચેરીથી બપોરના સમયે રવાના થયેલા.

7. ત્યારબાદ અમો દેશલપર નખત્રાણા થઈ દયાપરની બાજુમાં થર્મલ પાવરનો કુટતો હતો ત્યાં પહોચેલા. ત્યારબાદ મે સાહેબને વાત કરેલ કે બધા સાથે જશુ તો આરોપીઓને શંકા જશે જેથી હું તથા પંચ-૧ તે જગ્યાએ મારી બાઈક પડેલ હતી તે બાઈકથી રવાના થયેલા. બાદ થર્મલ પાવર હાઉસના ગેટ પાસે પહોચેલા ત્યાંથી હુ તથા પંચ-૧ સાહેબને મળવા માટે ગયેલા. અમે અંદર ગયેલા ત્યારે બરાસરા સાહેબ હાજર હતા. ત્યાં મે પુછેલ કે નિષાદ સાહેબ કયા છે તો તેઓએ જણાવેલ છે કે સાઈટ પર ગયા હશે. ત્યારે મે બરાસરા સાહેબને કીધેલ કે મને કીધુ તે પ્રમાણે પૈસા લઈ આવેલ છુ બરાસરા સાહેબે કહેલુ કે થોડીવાર પછી નિષાદ સાહેબ આવે પછી વાત.

8. જેથી નિષાદ સાહેબ હાજર ન હોઈ અમે ઓફીસથી બહારે આવી બેઠેલા. તે સમયે નિષાદ સાહેબને ફોન કરેલો કે તમે આવી ગયેલા છો જેથી સાહેબે કહેલ કે હા હુ ઓફીસમાં આવી ગયેલ છુ. હુ અને પંચ જયારે બહારથી રવાના થયેલા ત્યારે વોઈસ રેકોર્ડર મારી પાસે હતુ તે જ સમયે નીકળતી વખતે વોઈસ રેકોર્ડર ચાલુ કરી મારી રાખેલુ. નિષાદ સાહેબ ફોનથી વાત થયા બાદ ફરીથી બન્ને સાહેબોની જે ઓફીસ છે ત્યા ગયેલા. ત્યારબાદ ઓફીસમાં જતા નીષાદ સાહેબ અને બરાસરા સાહેબ ત્યાં હતા બન્ને ટેબલની સામે બેસી સાહેબો સાથે બીલ અંગેની વાતચીત કરેલી જે સમયે પંચનં.૧ મારી સાથે હાજર હતા. આ સમયે બરાસરા સાહેબે મારી સાથે જે પંચ હતા તે બાબતે પુછેલુ કે આ સાથે કોણ છે તે બાબતે મે કહેલ કે આ ડ્રાઈવર છે સાથે આવ્યા છે. આ વાતીચત દરમીયાન ઈશારાથી પૈસા આપવાનું કહેલુ જેથી મે મારી પાસે રહેલ રુપીયામાંથી ૨૫ હજાર રુપીયા નીષાદ સાહેબને આપેલા

---

**સાહેદની સહી**

જે તેમણે જમણા હાથે લીધેલા અને ૧૫ હજાર બરાસરા સાહેબને આપેલા તેઓએ પણ જમણા હાથે લીધેલા. આ સમયે નીશાદ સાહેબે પૈસા પોતાના હાથમાં રાખેલા હતા અને બરાસરા સાહેબે પોતાની શર્ટના ખીસ્સામાં મુકેલા હતા. આ સમયે મે બહારે નીકળી ફોનથી ઈશારા મુજબ કહેલ કે ચલણ ભરવાનું છે આપી જાજો. જેથી સાહેબ તથા તેના સ્ટાફના માણસો અને પંચ–ર બધા અંદર આવી ગયેલા. અને અંદર આવ્યા બાદ સાહેબે બન્ને અધિકારીઓને પોતાની જગયા બેસી રહેવાનો જણાવેલ. આ દરમીયાન નીષાદ સાહેબન શંકા જતા તેઓ લીધેલ પૈસા નીચે કાગળના બોક્ષમાં ફેકી દીધેલા.

**9.** બાદ ત્યારબાદ પંચ–ર એ પ્રથમ નીષાદ સાહેબે જે પૈસા નાખી દીધેલા અને રીકવર કરીને લીધેલા. ત્યારબાદ નોટો ઉપર દ્રાવણનો છટકાવ કરેલો જેથી નોટો પર આછા ગુલાબી રંગના ડાગ જોવા મળેલા જે નોટોને કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ અને બોક્ષ પર પણ દ્રાવણનો છટકાવ કરતા બોક્ષમાં પણ દ્રાવણના ડાગ જોવા મળેલા. ત્યારબાદ નીષાદ સાહેબના જમણો હાથ એક બીકરના દ્રાવણમાં બોડાવતા દ્રાવણ આછા ગુલાબી રંગનો થઈ ગયેલ જે દ્રાવણને પણ કબજે કરવામાં આવેલ હતુ.

**10.** ત્યારબાદ પંચ–ર દ્વારા બરાસરા સાહેબના ખીસ્સામાં રાખેલ પૈસા રીકવર કરેલા. આ જે પૈસા રીવકર કરવામાં આવેલા તે એ સી બી ઓફીસમાં જે નોટો પર પાવડર લગાવેલ હતુ તે નોટો હતી. ત્યારબાદ નોટો ઉપર દ્રાવણનો છટકાવ કરેલો જેથી નોટો પર આછા ગુલાબી રંગના ડાગ જોવા મળેલા જે નોટોને કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ ત્યારબાદ બરાસરા સાહેબના જમણો હાથ એક બીકરના દ્રાવણમાં બોડાવતા દ્રાવણ આછા ગુલાબી રંગનો થઈ ગયેલ જે દ્રાવણને પણ કબજે કરવામાં આવેલ હતુ. ત્યારબાદ બરાસરા સાહેબે જે શર્ટ પહેરેલ હતુ તેના પર દ્રાવણનો છટકાવ કરતા આછા ગુલાબી રંગના ડાગ જોવા મળેલા તે શર્ટને પણ કવરમાં નાખી શીલ કરી કબજે કરવામાં આવેલ.

**11.** બાદ મે મારી પાસે રહેલ વોઈસ રેકોર્ડર સાહેબને આપેલુ સાહેબે તે વોઈસ રેકોર્ડરમાંથી મેમરી કાર્ડ કાઢીને કબજે કરેલો. ત્યારબાદ કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલી કાર્યવાહી પુર્ણ તથા સાહેબે મને જવાની રજા આપતા હુ નીકળી ગયેલો.

**12.** મને માર્ક ૮/૨ વાળો વર્ક ઓર્ડર બતાવવામાં આવે છે જે મને લેબરસપ્લાયર કામ માટે વર્ક ઓર્ડર મળેલ હતુ તે જ વર્ક ઓર્ડર છે. જે રજુ દાખલ **આંક– ૨૪**. આરોપીઓને ઓળખુ છુ જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

**13.** મને મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૩ તથા ૫ થી ૬ તથા ૮ થી ૧૦ વાળા જે શીલબંધ છે.જે ખોલીને બતાવવામાં આવે છે જેમાં આરોપીઓના હેન્ડવોશ , મુદાની નોટો, મેમરીકાર્ડ તથા શર્ટ વાળો મુદામાલ બતાવવામાં આવેલ છે જે મારી હાજરીમાં પંચનામી કાર્યવાહી વખતે કબજે કરવામાં આવેલ હતુ તે જ છે.

સરતપાસ પૂરી.

અત્યારે ૧૩:૨૫ નો સમય થયેલ હોઈ આરોપી તરફે જે વિ.વ.શ્રી તેઓ વડોદરા થી આવે છે અને હજી રસ્તામાં છે તેવુ હાજર વિ.વ.શ્રી જાહેર કરે છે હાજર વિ.વ.શ્રી પુછવામાં આવે છે કે આ અદાલતે કેસની તારીખ કેટલા સમય પહેલા આપેલી જે કેસનુ રેકર્ડ જોતા ૨૨–૧૨–૨૦૨૩ ના રોજ આજની તારીખ આપેલી જેને આજે બે મહીના પુરા થયેલા છે અને કલાક ૧૩:૨૫ એવુ કહેતી હોય જે વિ.વ.શ્રીને ઉ.ત. લેવાના છે તેઓ હજી શહેર આપવામાં આવેલ નથી તો અદાલતની મજાક સમાન ગણાય તેઓને છેલી તક આપતા ઉ.ત. ૧૪:૪૫ વાગા સુધી મુલતવી.

રીશેષ સમય બાદ ફરી સોગંદ આપ્યા ,

**<u>ઉલટ તપાસ :– આરોપીઓતરફે વિ.વ.શ્રી બી.આર. ત્રીવેદી</u>**

એ સી બી ઓફીસે આ કેસ માટે પ્રથમ વખતે ગયેલો. આ કેસ સંદર્ભે હુ કુલે બે વખત એ સી બી કચેરીએ ગયેલો છુ. તે સીવાય એ સી બી ના કોઈ અધિકારીને મને આવીને રુબરુ મળ્યા હોય તેવુ બનેલ નથી.

હુ સૌપ્રથમ એ.સી.બી. કચેરીએ સવારના ૧૦:૩૦ વાગાના અરસામાં ગયેલો. ત્યાં

**સાહેદની સહી**

હુ ઈન્સપેકટર સાહેબની ચેમ્બરની બહાર સ્ટાફના માણસ મળેલો અને સ્ટાફની સાથે હું પટેલ સાહેબને મળેલો. તે દીવસે હું પટેલ સાહેબની ચેમ્બરમાં એકાદ કલાક જેટલો રોકાયેલો અને જે સમયે રોકાયો તે દરમીયાન મારા પટેલ સાહેબ સીવાય અન્ય કોઈ વ્યકિત ન હતા. મે મારી ફરીયાદ અને જે તકલી ફ હતી તે સાહેબને જણાવી અને સાહેબે મને જણાવેલ કે આવતીકાલે સવારે ૧૦ –૧૦:૩૦ ના અરસામાં આવજો અને આપણે વિધીવત કાર્યવાહી કરીશુ અને તેમની સુચના મુજબ બીજા દીવસે સાડાદસના અરસામાં તેમની ઓફીસ ે પહોચેલો. તે દીવસે મને ફરીયાદ નોંધાવવામાં બપોરનો સમય ગઈ ગયેલો અને લખેલી ફરીયાદ ઉપર સાહેબે મારી સહી લીધેલી. ફરીયાદ પટેલ સાહેબ અને તેમના રાઈટરે તૈયાર કરેલી રાઈટરનો નામ મને ખબર નથી. સ્ટાફના માણસો ચેમ્બરમાં આવ જા કરતા હતા. તે દીવસે પ્રયોગો વગેરેની પણ વિધી કરેલી. સાહેદ જણાવે છે કે ફરીયાદ અને પ્રયોગો કરવામાં ટોટલ બપોર સુધીનો સમય થઈ ગયેલ હતુ. અંદાજીત એક દોઢ વાગ્યાના સમયના અરસામાં અમો એ સી બી કચેરીની બહાર નીકળેલા હશુ. હુ જે સમયે રોકાયો તે તમામ સમયે પટેલ સાહેબની ચેમ્બરમાં રોકાયેલો.

મને યાદ નથી કે આ સમય કોરોનાનો હતો અને માસ્ક પહેરવુ સરકારે ફરજીયાત કરેલુ હતુ. મે ફરીયાદ સાથે વર્ક ઓર્ડર આપેલો. મને આંક–૨૪ નો વર્ક ઓર્ડર બતાવવામાં આવે છે જે મે ફરીયાદ સાથે આપેલુ તે જ છે. મને ફરીયાદ સાથે આપેલો આંક–૨૪ નો વર્ક ઓર્ડર બતાવવામાં આવે છે જે સ્વીપર પ્રોવાઈડ કરવા અંગેનો છે તેના જવાબમાં જણાવુ છુ કે મારા યાદાસ્ત મુજબ મે બે વર્ક ઓર્ડર આપેલા જેમા બીજો ખારકુવા બાબતનો હતો પરંતુ કદાચ મારાથી આપવાનો રહી પણ ગયેલો હોઈ શકે હાલ યાદ નથી.

સવાલ:– હાલના આરોપીઓને માત્ર વર્ક એકજેકયુટ કરાવવાની સતા છે કોઈ ઓર્ડરો કે નીયમો બનાવવાની સતા નથી?

જવાબ:– તેમના ખાતાના ટેન્ડરો તેઓ જ બનાવતા હોય છે માત્ર ઉપરથી એપ્રુવલ મેળવતા હોય છે.

એ વાત ખરી છે કે મને જે વર્ક ઓર્ડર મળેલા તે ચીફ ઈજનેરનાઓએ આપેલા.

મને ચાર્જસીટમાં સાથે રજુ થયેલ પાના નં. ૨૮૨ , ૧૬ મે ૨૦૨૦ નો પત્ર બતાવવામાં આવે છે તે મને આર.પી.એ.ડી. થી મળેલો છે સદર દસ્તાવેજ ઉ.ત. માં રીફર થતો હોય ભવીષ્યમાં ઉ.ત. પુરાવાકીય યોગ્ય થઈ શકે તે માટે રજુ દાખલ **આંક–૨૫.** એ વાત ખરી છે કે આ પત્ર સુપરીડેન્ટેન્ડ ઈજનેર જી.એસ.ઈ.સી.એલ.કે.એલ.ટી.પી.એસ નાએ લખેલો છે.

**Supreme Court of India in Vathsalsamanickavasagam & Ors vs N. Ganesan & Anr on 2 July, 2013 reported (2013) 9 SCC 152, Bench: B.S. Chauhan, Fakkir Mohamed Kalifulla held that** Union of India Vs. Moksh Builders and Financiers Ltd. and others - AIR 1977 SC 409 wherein it is held as under: "...It has been held by this Court in Bharat Singh v. Bhagirath [1966] 1 SCR 606 = AIR 1966 SC 405 that an admission is substantive evidence of the fact admitted, and that admissions duly proved are "admissible evidence irrespective of whether the party making them appeared in the witness box or not and whether that party when appearing as witness was confronted with those statements in case it made a statement contrary to those admissions." In taking this view this Court has noticed the decision in Ajodhya Prasad Bhargava v. Bhawani Shanker - AIR 1957 All 1 (FB) also."

એ વાત ખરી છે કે મને બચાવપક્ષ તરફથી તેમની પાસેના ત્રણ પત્ર બતાવાવમાં આવે છે જે તા.૨૪–૯–૧૯,૨૨–૧૧–૧૯ અને ૯–૧૨–૨૦૧૯ ના છે. તે પત્રોમાં ૯–૧ ૨–૧૯ ફીલ્ડ નોટનો પત્ર છે તેમાં ૧૧–૧૨–૧૯ ની જે સહી બતાવે છે તે મારી છે અને ૨૪–૯–૧૯ ની ફીલ્ડ નોટમાં જે ડાબા હાથ ઉપર ઈ.ઈ. (સીવીલ) ઉપર જે સહી બતાવાઈ છે તે મને મારી સહી લાગતી નથી. ૧૨–૧૧–૧૯ ના રોજની ફીલ્ડ નોટમાં જે ડાબા હાથ પર સહી છે તે મારી હશે તેવુ મને જણાય છે. આ પત્રોતો મને મળ્યા હોય તેવુ મને જાણ છે. સદર બે પત્રો તા.૨૨–૧૧–૧૯ અને તા. ૯–૧૨–૧૯ ના કુલ બે પત્રોમાં પોતની સહીઓ ઓળખી બતાવતા હોય જેથી બન્ને પત્રોને **માર્ક –એ અને માર્ક– બી** આપવામાં આવે છે. એ વાત ખરી છે કે મને આ ફીલ્ડ નોટો આર.પી.એ.ડી. થી મળેલ છે જેમાં કલીનીગ મટીરીયલ વાપરવા , કામની ગુળવતા સુધારવા અને સ્વીપરોની સમયસર ગોઠવણ સુધારવા માટે જાણ કરેલી.

---

**સાહેદની સહી**

મને યાદ નથી કે મારા એક જ ખીસ્સામાં પૈસા અને વોઈસ રેકોર્ડર મુકેલુ હોય ક ે કેમ સાહેદ જણાવે છે કે મને યાદ છે ત્યા સુધી પૈસા નીચેના ખીસ્સામાં હતા અને વોઈસ રેકોર્ડ ઉપરના ખીસ્સામાં હતુ. પંચનામામાં પાનાનં.૬ , પેરા નં.૩ માં એવુ લખેલ છે કે મારા પેન્ટના જમણા ખીસ્સામાં વોઈસ રેકોર્ડર હતુ તેના જવાબમાં જણાવુ છે કે આ બનાવ વખતે નર્વસ હોઈ જેથી એકઝેટ કયા ખીસ્સામાં હતુ તે યાદ નથી. હાલના તબકકે પંચનામું રીફર થતુ હોઈ ભલે માત્ર એક પેરા પુરતુ રીફર થતુ હોય પરંતુ ભવીષ્યના સંજોગો ધ્યાને લેતા પંચનામું માર્ક ૮/૩ વાળાને રજુ દાખલ **આંક–૨૬.**

એ સી બી કચેરીથી અમો બે વાહનમાં નીકળેલા અને બે કલાકના સમય બાદ અમો પાન્ધ્રો ખાતે પહોચેલા અને તેના દોઢેક કલાક બાદ મને એ સી બી પી.આઈ.નાઓએ જવા માટે રજા આપેલી અને મારા નીકળી ગયા બાદ એ સી બી ના માણસો કયારે રવાના થયા તેની મને જાણ નથી. મારી સાથે પાન્ધ્રો ખાતે આવેલ પંચ મારી રુબરુમાં ફોન પર કોઈને એવુ કહેતો હોય કે '' ના ઈ તો પછી પછી કરે છે મને તો ખબર નથી પણ બાપુ એમ કહે છે કે પછી પછી'' તેની મને ખબર નથી. સાહેદ જણાવે છે કે અમે પાન્ધ્રો પહોચ્યા અને વોઈસ રેકોડ ચાલુ કરાવ્યુ એટલે અમને એ સી બી પી. આઈ. એ સુચના આપેલ કે બિનજરુરી ફોન ઉપાડતા નહી આમા રેકોડીગમાં ડીસ્ટરબન્સ આવે જેથી મે તો કોઈને ફોન કરેલા નથી પંચે વાત કરેલાની મને ખબર નથી. એ વાત ખરી છે કે મારા રનીગબીલમાંથી ૨૦–૮–૧૯,૬–૧–૨૦૨૦ તથા ૯–૫–૨૦૨૦ ના બીલમાંથી એગ્રીમેન્ટ કલોસ મુજબ બીલ મુજબ આરોપીનાઓએ પેનલ્ટી કાપેલી.સદર ત્રણ બીલો એક પેજ થી આગળ પાછળ રજુ થતા હોઈ ત્રણેય પેજને **માર્ક સી,ડી અને ઈ** આપ્યા. મારા અને પંચના હાથ દ્રાવણમાં બોડાવેલા અને દ્રાવણ ગુલાબી થયેલુ તે દ્રાવણના નમુના કબજે લીધેલા કે કેમ તે મને હાલ યાદ નથી. મેમરીકાર્ડનો કોઈ બેચ નંબર કે સીરીયલન નંબર જોયેલો પરંતુ યાદ નથી. તે ૮ જી.બી.નો હતુ તેવુ મને યાદ છે. તે મેમરી કાર્ડ કયો વ્યકિત કયાથી ખરીદી લાવેલ તેની મને ખબર નથી. આ શર્ટ કબજે કરેલો તે તેમનો યુનીફોર્મ હતો કલર વાદળી જેવો લાગે તેની મને ખબર છે તે શર્ટ આખી બાયનો હતો કે અડધીબાયનો હતો તે હુ કહી શકુ નહી.

---

**સાહેદની સહી**

મે ખાતામાં ફાઈનલ બીલ ટ્રેપ પછી આપેલુ.

સવાલ: ટ્રેપ પહેલા તમારુ કોઈ બીલ ખાતામાં પેન્ડીંગ ન હતુ ?

જવાબ: મે બીલ મુકેલુ તેઓએ કરેલુ નહી તે બીલ પેન્ડીંગ જ ગણાય.

એ વાત ખરી છે કે બનાવ સમય પહેલા આરોપી સાથે એવી ચર્ચા થયેલી કે આ રનીગબીલનો સમયગાળો પુરો થઈ ગયેલો છે અને સમયમર્યાદા બહારનુ થઈ ગયેલ હોઈ અમારે ફાઈનલ બીલ મુકવુ પડશે.

એ વાત ખરી નથી કે બન્ને કોઈપણ આરોપીએ મારી પાસે બીલ મુજબ પૈસા આપવા પડશે તેમ કહી કોઈ માંગણી કરેલ નથી. એ વાત ખરી નથી કે દર બીલે બે ખારકુવા વધારે લખી આપશુ તેના પણ પૈસા આપવા પડશે તેવી પણ કોઈ માંગણી કરેલ નથી. એ વાત ખરી નથી કે બનાવના પાંચ મહીના પહેલા એસ.ઈ. ધ્વારા મારુ કામ સ્ટોપ કરી દેવામાં આવેલુ જેથી માર પાસે આરોપી ધ્વારા પૈસાની માંગણીનો કોઈ પ્રશ્ન ઉપસ્થીત ન હતો. એ વાત મને ધ્યાન નથી કે મને જે વોઈસ રેકોર્ડર આપવામાં આવેલો તેમાં ઓડીયો અને વીડીયો બન્ને રેકોડીગ થઈ શકતો હતુ. એ વાત ખરી નથી કે આ રેકોર્ડર ઓડીયો વીડીયો બન્ને રેકોડીગ કરી શકતુ હતુ પરંતુ અમારે હાથના ઈશારાથી પૈસાની માંગણી થયેલ હોય તેવુ ખોટુ બતાવવુ હતુ જેથી વીડીયો રેકોડીગ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવના દીવસે પણ મે બરાસરા સાહેબને મને કીધુ તે પ્રમાણે પૈસા લાવેલ છુ તેવુ મે કીધુ હોય અને બરાસરા સાહેબે નીષાદ આવે પછી વાત તેવુ કીધુ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મને ઈશારાથી પણ પૈસા આપવાનું કીધુ હોય તેવુ પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે મારા પેન્ટના જમણા ખીસ્સામાં કોઈ પૈસા હતા નહી અને જમણા ખીસ્સામાંથી બન્ને આરોપીને પૈસા આપ્યાની વાત ખોટી ઉભી કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓની જાણ બહાર તેમના નજીકના ટેબલ ઉપર પૈસા મુકાવી દઈ ત્યાંથી કબજે કરી તેમના પૈસા માંગ્યા અને લીધાની હકીકતો ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી નથી કે હુ પાન્ધ્રો ગયો ત્યારે કોઈ પંચ મારી સાથે ન હતો. એ વાત ખરી છે કે એ સી બી કચેરીથી પાન્ધ્રો ખાતે ગયા તેમાં પટેલ સાહેબ સીવાય બીજા કોઈ સાથે આવેલા ઈસમોના નામ મને ખબર

સાહેદની સહી

નથી. એ વાત ખરી છે કે પાન્ધ્રો ખાતે મેઈન દરવાજેથી દાખલ થયા બાદ દાખલ થતા ડાબી તરફ ઈ.ઈ. બેસે છે તથા જમણી તરફ સ્ટાફના બેસવાનો ખંડ છે અને તે ખંડથી અંદર જમણી બાજુ જતા બન્ને આરોપીઓના બેસવાના ટેબલ છે.

એ વાત ખરી નથી કે બન્ને આરોપીઓ એગ્રીમેન્ટ મુજબ કડકાઈથી કામ લેતા હતા અને એગ્રીમેન્ટ મુજબ કામ ન થતા પેનલ્ટી વસુલતા હોઈ અને અમારુ કોઈ માન ન રાખતા હોઈ તેઓને ત્યાંથી હટાવવા માટે એ.સી.બી.ના અધિકારીઓના મેળાપીપણામાં ખોટી હકીકત ઉભી કરી હાલના આરોપીઓને ખોટી રીતે સંડોવણી કરેલછ`.એ વાત ખરી છે કે પોલીસ ખાતામાં અમારા ઘણા દરબારો હોઈ તેમની વગનો ઉપયોગ કરી એ સી બી ના અધિકારીઓ સાથે મળી હાલના આરોપીઓની ખોટી રીતે સંડોવેલ છે.

એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

ઉ.ત.પુરી.

ફેરતપાસ નથી.

ભુજ–કચ્છ.

તારીખ : ૨૩/૦૨/૨૦૨૪

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

તથા સ્પેશીયલ જજ

ભુજ–કચ્છ.

---

**સાહેદની સહી**